મે. રાજકોટના જયુ. મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની મ્યુનિસીપલ કોર્ટમાં,

ક્રીમી. કેસ નં–૫૦૨૨૧/૨૦૨૫

આંક –

ફરીયાદી – નામદાર સરકાર

વિરૂધ્ધ

આરોપી – રાહુલ ગોરધનભાઈ સોલંકી
રહે.રાજકોટ

ગુનો – પ્રોહી. એકટની ક.૬૫એએ,૧૧૬બી મુજબ...

–ઃ ચુકાદો ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદામા જણાવ્યા મુજબના પ્રોહી.ના કાયદા મુજબના ગુનાઓ કરેલ હતો આરોપી વિરૂધ્ધ ફરીયાદ થતા તપાસના અંતે ત.ક.અ.એ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામા આવેલ.આરોપી હાજર થતા તેને નકલો આપવામા આવેલ હતી આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામા આવેલ છે તેમ છતા તેઓ સ્વૈચ્છીક કબુલાત કરવતા હોય અને તે મતલબની પુરસીસ રજુ કરેલ છે, આરોપી સામે તહોમતનામુ ફરમાવી ગુનાની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. પ્રોહી. ક.૬૫એએ મા ત્રણ વર્ષ સુધીની સજાની અને દંડની જોગવાઇ છે.ઓછામા ઓછી સજાની કોઇ જોગવાઇ નથી. જેથી કોર્ટમ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે. દંડ કોર્ટ ઉપર છોડેલ છે. ક.૧૧૬બી એ જાણીતી બ્રાંડ માટે પૃથ્થકરણની જરૂરીયાત નથી તેવી જોગવાઇ છે. તે કોઇ ગુનોનથી ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, જુનો કેસ અને તેનો સમરી પ્રકાર જોતા તેમજ આરોપીની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને યોગ્ય તે દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// હુકમ ///

- આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ, ૧૧૬બી મુજબનો ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને ગુનો કરવા બદલ રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

- મુદામાલનો નિયમાનુસાર યોગ્ય રીતે નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૩–૧૨–૨૦૨૫
સ્થળઃ રાજકોટ.

(કમલેશકુમાર રમેશભાઇ ગાગનાણી)
જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.,
મ્યુનિસિપલ કોર્ટ, રાજકોટ.